**GJNV040012882025**

<table>
<tr><td>રજૂ તારીખ</td><td colspan="3">૨૩/૦૭/૨૦૨૫</td></tr>
<tr><td>દાખલ તારીખ</td><td colspan="3">૨૩/૦૭/૨૦૨૫</td></tr>
<tr><td>ફેંસલ તારીખ</td><td colspan="3">૦૯/૦૩/૨૦૨૬</td></tr>
<tr><td rowspan="2">સમયગાળો</td><td>વર્ષ</td><td>માસ</td><td>દિવસ</td></tr>
<tr><td>૦૦</td><td>૦૭</td><td>૧૪</td></tr>
</table>

**IN THE COURT PRINCIPAL CIVIL JUDGE & J.M.F.C AT, VANSDA, DIST. NAVSARI.**

**(Presided Over by R.R.BARIA)**

**CC No. 1123/2025**
**Exhibit No. 14**

| | |
|---|---|
| ફરિયાદી:– | શ્રી સરકાર |
| ફરિયાદપક્ષે:– | **વિદ્વાન એ.પી.પી શ્રી જે.એમ.ઢોડિયા** |
| આરોપી– | **રાજેશભાઇ રૂપાભાઇ ગામીત,**<br>રહે. બંધારી ફળિયા, ભરડદા ગામ,<br>તા.સોનગઢ, જિ.તાપી. |
| બચાવપક્ષે:– | **વિદ્વાન વકીલશ્રી જી.યુ.પટેલ** |

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૦૧/૦૩/૨૦૨૫ |
| પ્રથમ બાતમી અહેવાલની તારીખ | ૦૩/૦૩/૨૦૨૫ |
| આખરી અહેવાલ રજૂ થયા તારીખ | ૨૩/૦૭/૨૦૨૫ |
| જવાબ–પ્લી લીધા તારીખ | ૨૩/૦૭/૨૦૨૫ |
| પુરાવો શરૂ કર્યા તારીખ | ૧૭/૦૨/૨૦૨૬ |
| ચુકાદા માટે અનામત રાખ્યાની તારીખ | ૧૭/૦૨/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ:– | ૦૯/૦૩/૨૦૨૬ |
| આખરી હુકમ:– | આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુક્યા |

// આરોપીની વિગત //

| આરોપીનો અનુક્રમ નંબર | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન મુક્તિની તારીખ | તહોમત | શું નિર્દોષ છોડ્યા/ સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમ્યાન અટકાયતનો સમયગાળો ફો.કા. સંહિતાની કલમ-૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| 01 | રાજેશભાઇ રૂપાભાઇ ગામીત | ૦૩/૦૪/ ૨૫ | ૦૩/૦૪/ ૨૫ | ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૮૧, ૧૨૫(એ), ૧૨૫(બી), ૧૦૬(૧) તથા એમ.વી. એક્ટની કલમ-૧૭૭,૧૮૪ મુજબ | નિર્દોષ ઠરાવી છોડી મુક્યા | - | - |

## JUDGMENT

**(Delivered by R.R.Baria on 09/03/2026)**

**ફરિયાદપક્ષની ટૂંકમાં હકીકત અને આરોપી વિરુદ્ધનું તહોમત:-**

(૦૧) ફરિયાદી દ્વારા આ કામના આરોપી વિરૂદ્ધ તેઓની ફરિયાદ હકીકત વાંસદા પોલીસ સ્ટેશન ખાતે જાહેર કરતા વાંસદા પોલીસ સ્ટેશન. ગુ. રજિ. નં. એ-૧૧૮૨૨૦૦૩૨૫૦૨૪૭/૨૦૨૫ થી ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૮૧, ૧૨૫(એ), ૧૨૫(બી), ૧૦૬(૧) તથા એમ.વી. એક્ટની કલમ-૧૭૭, ૧૮૪ મુજબનો ગુનો રજિસ્ટર કરી આગળની તપાસ શરૂ કરેલી.

(૧.૧) ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા.૦૧/૦૩/૨૦૨૫ ના રોજ રાત્રીના કલાક ૨૨/૩૦ વાગ્યે પોતાના કબજાની ટ્રક નંબર GJ-16-X-8817 મોજે આંકલાછ ગામે, બસ સ્ટેશન ફળિયા ખાતે વાંસદાથી ખાનપુર જવાના રોડ ઉપર પૂરઝડપે, ગફલતભરી રીતે હંકારી લાવી સામેથી આવતી હીરો કંપનીની સ્પ્લેન્ડર મોટર સાઇકલ નંબર GJ-15-EB-2085 ની સાથે એક્સીડન્ટ કરતા મોટર સાઇકલ ચાલક જયંતીભાઇ ગુલાબભાઇ પટેલનાઓ રોડ ઉપર પડી જતા તેઓને શરીરે મોઢાના ભાગે તથા માથાના ભાગે ગંભીર ઇજા કરી અને સારવાર દરમ્યાન મોત નિપજાવી ગુનો કરેલ હોય, જે બનાવ અંગેની ફરિયાદ ફરિયાદીએ

નોંધાવતા જે વાંસદા પોલીસ સ્ટેશનમાં ગુ.ર.નં. એ-૧૧૮૨૨૦૦૩૨૫૦૨૪૭/૨૦૨૫ થી ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૮૧, ૧૨૫(એ), ૧૨૫(બી), ૧૦૬(૧) તથા એમ.વી. એકટની કલમ-૧૭૭, ૧૮૪ મુજબની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

**<u>પોલીસ તપાસ :-</u>**

(૦૨) ફરિયાદીની ફરિયાદ આધારે તપાસ કરનાર અમલદાર દ્વારા ગુનાનું સંજ્ઞાન લઈ તપાસ સંભાળી લઈ લાગતા વળગતા સાક્ષીઓના નિવેદનો લીધેલ તેમજ ગુનાવાળી જગ્યાનું પંચનામું કરેલ તેમજ તપાસ દરમ્યાન આરોપી મળી આવતા તેઓને અટક કરી પોલીસ સ્ટેશનેથી જામીન મુક્ત કરેલ તેમજ આરોપી વિરુદ્ધ પૂરતો પુરાવો જણાઈ આવતા ગુનાનું ચાર્જશીટ કરેલ હતું.

**<u>કોર્ટ કાર્યવાહી :-</u>**

(૦૩) તપાસ કરનાર અમલદારે રજૂ કરેલ ચાર્જશીટ આધારે ગુનાનું સંજ્ઞાન લઈ આરોપી વિરૂદ્ધ પ્રોસેસ ઈસ્યુ કરવા હુકમ કરેલ. જે આરોપીને સમન્સ ધોરણસર બજવણી થતા આરોપી અદાલત સમક્ષ હાજર થતા તેઓને આપવાના પોલીસ પેપર્સની નકલ પુરી પાડ્યા અંગે ખાતરી કરેલ. જે બાદ આરોપીને આંક-૦૩ મુજબનું તહોમતનામું વાંચી સંભળાવી, આરોપીનો આંક-૦૪ થી જવાબ-પ્લી લીધેલ છે અને આરોપીએ ગુનો કરેલ હોવાનો ઈન્કાર કરેલ છે. જેથી સદર કામ ફરિયાદીના પુરાવા માટે મુલત્વી રાખેલ છે. જે બાદ ફરિયાદપક્ષે રજૂ કરેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ આ સાથે પરિશિષ્ટથી સામેલ છે.

**<u>આરોપીનો બચાવ તથા વિશેષ નિવેદન :-</u>**

(૦૪) ફરિયાદપક્ષે તેઓનો પુરાવો પૂર્ણ કર્યાનું જાહેર કરતા ફરિયાદપક્ષના કેસમાંથી આરોપી વિરૂદ્ધ નીકળી આવતા સંજોગો તરફે આરોપીનું ધ્યાન દોરવા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૩૫૧ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન નોંધવા લાયક પુરાવો મળી આવેલ ન હોય આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ

નથી. તેમજ તેઓના બચાવના સમર્થનમાં કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરેલ નથી.

**<u>પક્ષકારો તર્ફેની દલીલો :–</u>**

(૦૫) હાલના કામે ફરિયાદપક્ષે વિ.એ.પી.પીશ્રી જે.એમ.ઢોડિયા તથા આરોપી તરફે વિદ્ધાન વકીલ શ્રી જી.યુ.પટેલની દલીલો સાંભળવામાં આવેલ છે. જે દલીલોનું પુનરાવર્તન ન થાય તે હેતુસર કારણો સાથે તે અંગે ચર્ચા કરવામાં આવેલ છે.

**<u>આરોપી વિરૂધ્ધનું તહોમત/ મુદ્દા :–</u>**

(૦૬) ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલ પુરાવા તેમજ પક્ષકારો તરફે કરેલ દલીલો આધારે આ કેસના ન્યાયિક નિર્ણયો માટે અત્રેની અદાલત સમક્ષ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**–: મુદ્દા :–**

૦૧) શું ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા.૦૧/૦૩/૨૦૨૫ ના રોજ રાત્રીના કલાક ૨૨/૩૦ વાગ્યે પોતાના કબજાની ટ્રક નંબર GJ-16-X-8817 મોજે આંકલાછ ગામે, બસ સ્ટેશન ફળિયા ખાતે વાંસદાથી ખાનપુર જવાના રોડ ઉપર પૂરઝડપે, ગફલતભરી રીતે હંકારી લાવી સામેથી આવતી હીરો કંપનીની સ્પ્લેન્ડર મોટર સાઇકલ નંબર GJ-15-EB-2085 ની સાથે એક્સીડન્ટ કરતા મોટર સાઇકલ ચાલક જયંતીભાઇ ગુલાબભાઇ પટેલનાઓ રોડ ઉપર પડી જતા તેઓને શરીરે મોઢાના ભાગે તથા માથાના ભાગે ગંભીર ઇજા કરી અને સારવાર દરમ્યાન મોત નિપજાવી ભારતીય ન્યાય સંહિતાની કલમ–૨૮૧, ૧૨૫(એ), ૧૨૫(બી), ૧૦૬(૧) તથા એમ.વી. એકટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે?

૦૨) શું હુકમ ?

(૦૭) ઉપરોકત મુદ્દાના મારા નિર્ણયો નીચે મુજબ છે.

૦૧) નકારમાં,

૦૨) આખરી હુકમ મુજબ.

**<u>ન્યાય નિર્ણય :–</u>**

(૦૮) (૮.૦) ફોજદારી ન્યાયશાસ્ત્રનો સિદ્ધાંત ધ્યાને લેતા, આ કામે જયારે હાલના આરોપી સામે બનાવ સમયે તેઓ પોતાના કબજાની ટ્રક નંબર GJ-16-X-8817 મોજે આંકલાછ ગામે, બસ સ્ટેશન ફળિયા ખાતે વાંસદાથી ખાનપુર જવાના રોડ ઉપર પૂરઝડપે, ગફલતભરી રીતે હંકારી લાવી સામેથી આવતી હીરો કંપનીની સ્પ્લેન્ડર મોટર સાઇકલ નંબર GJ-15-EB-2085 ની સાથે એક્સીડન્ટ કરતા મોટર સાઇકલ ચાલક જયંતીભાઇ ગુલાબભાઇ પટેલનાઓ રોડ ઉપર પડી જતા તેઓને શરીરે મોઢાના ભાગે તથા માથાના ભાગે ગંભીર ઈજા કરી અને સારવાર દરમ્યાન મોત નિપજાવેલાનો કેસ છે. તે સંજોગોમાં ફરિયાદપક્ષે રેકર્ડ પરથી એ હકીકત સાબિત કરવાની રહે છે કે, સદરહુ બનાવના સ્થળે અને સમયે અકસ્માતમાં સંડોવાયેલ સદરહુ ટ્રક નંબર GJ-16-X-8817 ની આ કામના આરોપી જ ચલાવતા હતા અને તેમના દ્વારા જ સદરહુ ટ્રક નંબર GJ-16-X-8817 બેદરકારી અથવા તો બેફીકરાઇથી ચલાવવાના કારણે જ સદરહુ અકસ્માત બનેલો છે. જેના કારણે આરોપીને સદરહુ અકસ્માત સંદર્ભે ફોજદારી જવાબદારી માટે કસુરવાન ઠરાવી શકાય. વધુમાં આરોપી સામે આક્ષેપિત ગુના અંગેના તત્ત્વો ધ્યાને લેતાં, એ હકીકત પણ સાબિત થવી જરૂરી છે કે, આરોપી દ્વારા બેદરકારીપૂર્વક કરવામાં આવેલ કૃત્ય અને ઈજા પહોંચેલ હોવા વચ્ચે પ્રત્યક્ષ સંબંધ છે. વધુમાં એ હકીકત પણ ધ્યાને લેવાની રહે છે કે, સાવચેતીનો અભાવ હોય, તે તમામ કિસ્સામાં બેદરકારી હોય છતાં પણ સામાન્ય રીતે માત્ર સાવચેતીનો અભાવ હોય કે જે કારણે દીવાની વળતર મેળવવા વ્યક્તિ હક્કદાર બને તેવી બેદરકારી ફોજદારી ગુનો ગણાય નહિ. વધુમાં ગુનામાં રહેલ બેદરકારીના તત્ત્વો માટે અનુમાન કરી શકાય નહિ, પરંતુ, બેદરકારી પુરવાર થવી જોઇએ.

(૮.૧) ઉપરોકત હકીકતો ધ્યાને લેતા, આ કામે રેકર્ડ પરના પુરાવાનું મુલ્યાંકન, ફરિયાદ પક્ષના કેસ અનુસંધાને કરવામાં આવે તો, ફરિયાદપક્ષે આ કામના ફરિયાદી તથા શાહેદને અત્રેની કોર્ટ દ્વારા સમન્સ/વોરંટ ઇસ્યુ કરવામાં આવેલ જે બજી ગયેલ છે અને તેઓને

તપાસવામાં આવેલ છે. સદરહુ કેસમાં આંક–૧૩ થી ક્લોઝિંગ પુરસીસ રજૂ કરી ફરિયાદપક્ષનો પુરાવો પૂરો કરેલ છે.

(૮.૨) ફરિયાદપક્ષ તરફે ફરિયાદી અશ્વિનભાઇ ગુલાબભાઇ પટેલને આંક–૦૬ થી તેઓની જુબાનીમાં એવી હકીકત જણાવે છે કે, આશરે એક વર્ષ પહેલા તેઓ નોકરી પર હતા ત્યારે તેમના ભાઇના સસરા જયંતિભાઇ રમેશભાઇ તુમડાનાઓએ તેમને ફોન કરી જણાવેલું કે, તમારા નાના ભાઇ જયંતિભાઇનું અંકલાછ ગામે એક્સીડન્ટ થયેલ છે અને તેઓને ૧૦૮ એમ્બ્યુલન્સમાં બેસાડી વલસાડ સિવિલ હોસ્પિટલમાં લઇ ગયેલ છે. જેથી તેઓ તથા તેમના ઘરના સભ્યો વલસાડ સિવિલ હોસ્પિટલમાં ગયેલા અને ત્યાં જયંતિભાઇની સારવાર ચાલુ હતી અને તેઓ બેભાન અવસ્થામાં હતા. તેમના ભાઇ જયંતિભાઇનું અકસ્માત એક ટ્રકવાળાએ કરેલું. આ ટ્રકનો નંબર શું હતો તેની તેમને ખબર નથી. ટ્રક ચાલકનું નામ શું હતું તેની તેમને ખબર નથી. તેમના ભાઇને વધુ સારવાર માટે સુરત સિવિલ હોસ્પિટલમાં લાવેલા. ત્યાં સારવાર દરમ્યાન તેમનો ભાઇ ગુજરી ગયેલો. જેથી આ બનાવ બાબતે તેઓએ વાંસદા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપેલી. ફરિયાદમાં તેઓએ સહી કરેલી. તેમને ઝેરોક્ષ ફરિયાદ બતાવવામાં આવે છે, તેમાં તેમની સહી છે, તે જોઇને જણાવે છે કે, તે તે જ છે. સદર ઝેરોક્ષ ફરિયાદને આંક–૦૭ થી રજૂ રાખવામાં આવેલ છે. વધુમાં ફરિયાદી જણાવે છે કે, તેમના ભાઇની સગાઇ થઇ ગયેલ હતી અને તેની સગાઇ કરીનાબેન જયંતિભાઇ પટેલ સાથે થયેલી હતી. તેમનો ભાઇ સગાઇ બાદ તેની સાસરી ખાંડા મુકામે ખોરી ફળિયામાં રહેતો હતો. આ અકસ્માત કોની ભૂલના કારણે બનેલો તેની તેમને ખબર નથી. બનાવ બાબતે તેઓ બીજુ કશું જાણતા નથી. જેથી વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી ફરી ગયેલા શાહેદ જાહેર કરી ઊલટતપાસ કરવા છતાં તેઓએ ફરિયાદની હકીકતને સમર્થન કરેલ નથી.

બચાવપક્ષ તરફે તેઓનાં વિ.વ.શ્રી દ્વારા ઊલટ તપાસ કરતા તેઓ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, બનાવ સમયે તેઓ નોકરી

પર હતા. એ હકીકતનો સ્વીકાર કરે છે કે, બનાવ કોની ભૂલના કારણએ બનેલો તે તેઓ ચોક્કસ કહી શકે નહિ. બનાવ તેઓએ નજરોનજર જોયેલ નથી.

(૮.૩) ફરિયાદપક્ષ તરફે શાહેદ કરીનાબેન જયંતિભાઇ પટેલ આંક-૦૮ થી તેઓની જુબાનીમાં એવી હકીકત જણાવે છે કે, આશરે એક વર્ષ પહેલા તેણી પોતાના ઘરે હતી ત્યારે તેમના પિતાજી નાઓએ તેમને જણાવેલું કે, જમાઇ જયંતિભાઇનું અંકલાછ ગામે એક્સીડન્ટ થયેલ છે અને તેઓને ૧૦૮ એમ્બ્યુલન્સમાં બેસાડી વલસાડ સિવિલ હોસ્પિટલમાં લઇ ગયેલ છે. જેથી તેણીના ઘરના સભ્યો વલસાડ સિવિલ હોસ્પિટલમાં ગેલા અને ત્યાં જયંતિભાઇની સારવાર ચાલુ હતી અને તેઓ બેભાન અવસ્થામાં હતા. તેણીના પતિ જયંતિભાઇનું અકસ્માત એક ટ્રકવાળાએ કરેલું. આ ટ્રકનો નંબર શું હતો તેની તેણીને ખબર નથી. ટ્રક ચાલકનું નામ શું હતું તેની તેણીને ખબર નથી. તેણીના પતિને વધુ સારવાર માટે સુરત સિવિલ હોસ્પિટલમાં લાવેલા. ત્યાં સારવાર દરમ્યાન તેણીના પતિ ગુજરી ગયેલા. જેથી આ બનાવ બાબતે તેણીના પતિના ભાઇએ વાંસદા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપેલી. તેણીની સગાઇ થઇ ગયેલ હતી અને તેણીની સગાઇ જયંતિભાઇ પટેલ સાથે થયેલી હતી. તેણીના પતિ સગાઇ બાદ તેમની સાસરી ખાંડા મુકામે ખોરી ફળિયામાં રહેતા હતા. આ અકસ્માત કોની ભૂલના કારણે બનેલો તેની તેમને ખબર નથી. બનાવ બાબતે તેઓ બીજુ કશું જાણતા નથી. જેથી વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી ફરી ગયેલા શાહેદ જાહેર કરી ઉલટતપાસ કરવા છતાં તેઓએ ફરિયાદની હકીકતને સમર્થન કરેલ નથી.

બચાવપક્ષ તરફે તેઓનાં વિ.વ.શ્રી દ્વારા ઊલટ તપાસ કરતા તેઓ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, બનાવ સમયે તેઓ નોકરી પર હતા. એ હકીકતનો સ્વીકાર કરે છે કે, બનાવ કોની ભૂલના કારણે બનેલો તે તેઓ ચોક્કસ કહી શકે નહિ. તેમજ બનાવ તેઓએ નજરો નજર જોયેલ ન હોવાની હકીકતનો સ્વીકાર કરેલ છે.

(૦૯) (૯.૦) સદરહુ કામે ફરિયાદપક્ષે રજૂ થયેલ રેકર્ડ પરનો પુરાવો જોવામાં આવે તો પ્રોસીક્યુશન તર્ફે સદર કામે આંક–૦૬ થી ફરિયાદીને તેમજ આંક–૦૮ થી શાહેદને તપાસવામાં આવેલા છે અને તેઓની સોગંદ ઉપરની જુબાની જોવામાં આવે તો તેઓ ફરિયાદની હકીકત મુજબ ભોગ બનનાર નાઓનું અકસ્માત થયેલ હોવાનું અને સદર અકસ્માતમાં મરણ જનારને અકસ્માતમાં ગંભીર ઈજા થતા હોસ્પિટલમાં સારવાર દરમ્યાન મરણ ગયેલાની હકીકત જણાવેલ છે. તેમજ અકસ્માત કરનાર ટ્રકનો નંબર તથા તેના ચાલકનું નામ શું હતું તેની તેઓને ખબર ન હોવાનું સ્પષ્ટપણે તેઓની જુબાનીમાં જણાવેલ છે. ત્યારબાદ સદરહુ ફરિયાદી અને શાહેદને ફરી ગયેલા જાહેર કરી તેઓની ઊલટ તપાસ કરવા છતાં તેઓ ફરિયાદની હકીકતને સમર્થન કરતા નથી. ત્યારબાદ બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઊલટ તપાસમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ કોની ભૂલના કારણે થયેલો તેની તેઓને ખબર નથી. વધુમાં સદર શાહેદોએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ તેઓએ નજરો નજર જોયેલ નથી. આમ, સદરહુ કામે અકસ્માત કરનાર વાહનના ચાલક કોણ હતા? તેનાં વાહનનાં નંબર શું હતા? અને કોની બેદરકારીથી અકસ્માત થયેલ? તે અંગે ફરિયાદી કે શાહેદ તેઓની જુબાનીમાં કોઈ સ્પષ્ટ હકીકત જણાવેલ નથી. વધુમાં ફરિયાદપક્ષ તરફે આંક–૦૯ થી ઈન્કવેસ્ટ પંચનામું, આંક–૧૦ થી ગુનાવાળી જગ્યાનું પંચનામું, આંક–૧૧ થી અટક પંચનામું તથા આંક–૧૨ થી ડેથ સર્ટિફિકેટ રજૂ કરવામાં આવેલ છે. જે વંચાણે લેવામાં આવે તો અકસ્માતનો બનાવ બન્યાનું અને અકસ્માતમાં મરણ જનારને ઈજા થવાથી તેઓનું સારવાર દરમ્યાન મરણ થયેલ હોવાની હકીકત જણાઈ આવે છે. પરંતુ, સદર દસ્તાવેજી પુરાવાઓ રજૂ થવા માત્રથી આ કામના આરોપીએ જ પોતાના હવાલાવાળા વાહનને બેફિકરાઈથી તથા ગફલતભરી રીતે મનુષ્યની જિંદગી જોખમાય તે રીતે ચલાવી અકસ્માત કરી મરણ જનારને ગંભીર ઈજા પહોંચાડતા સારવાર દરમ્યાન મરણ ગયેલ

હોવાની હકીકત પુરવાર થતી ન હોય સદર ફરિયાદપક્ષ તરફે રજૂ કરવામાં આવેલ સદર દસ્તાવેજી પુરાવાઓ મદદરૂપ થતા નથી.

(૯.૧) વધુમાં, ફરિયાદપક્ષ તરફે આંક-૧૩ થી ક્લોઝિંગ પુરસીસ રજૂ કરી વધુ પુરાવો રજૂ કરવા માંગતા હોવાનું જણાવી ફરિયાદપક્ષનો પુરાવો પૂરો થયેલ હોવાનું જાહેર કરેલ છે. આમ, રેકર્ડને વંચાણે લેતાં બનાવ સમયે હાલના કામના આરોપીએ સદરહુ અકસ્માત કરનાર વાહન ચલાવતા હતા તે માટે કોઈપણ પ્રકારનો સાંયોગિક કે પ્રત્યક્ષ પુરાવો ફરિયાદપક્ષે રેકર્ડ ઉપર લાવવામાં આવેલ નથી. તે સંજોગોમાં હાલના કામના આરોપી જ અકસ્માતમાં સંડોવાયેલ વાહન ચલાવતા હોવાની હકીકત ફરિયાદપક્ષે શંકારહિત પુરવાર કરવાની હોય છે. વધુમાં, આરોપીની ઓળખ બાબતે નામદાર ગુજરાત હાઈકોર્ટ તેમજ સુપ્રિમ કોર્ટના ચુકાદાઓ ધ્યાને લઈએ તો ***AIR 1979 (S.C) 1127 - KANAN V/S STATE OF KERALA*** તથા ***AIR 2011 (S.C) 1436 - RABINDRA KUMAR PAL@ DARA SING V/S REPUBLIC OF INDIA.*** આમ, સદર ચુકાદાઓમાં પ્રસ્થાપિત કરવામાં આવેલ સિદ્ધાંતો તથા ખાસ કરીને જયારે હાલના આરોપી આ ગુન્હામાં સંડોવાયેલા હોય, તે હકીકતને આ કામે તપાસવામાં આવેલ કોઈ શાહેદોની જુબાનીથી કે અન્ય કોઈ દસ્તાવેજી પુરાવાથી સમર્થન મળતું નથી તેમજ રેકર્ડ પરના પુરાવાનાં આધારે એ હકીકત નિ:શંકપણે સાબિત થતી નથી કે, અકસ્માતમાં સંડોવાયેલ વાહન સદરહુ અકસ્માત કરનાર વાહનના ચાલક હાલના આરોપી જ હતા. વધુમાં, મોટર એક્સીડન્ટના કેસમાં ગફલતભર્યુ અને બેદરકારીભર્યુ ડ્રાઈવિંગ કરવા બદલ દોષિત ઠરાવવા માટેના જે ધોરણો છે તેમાં સૌપ્રથમ ફરિયાદપક્ષે એમ પુરવાર કરવું જોઈએ કે, આરોપી બનાવ સમયે અકસ્માત વાહનનું ડ્રાઈવિંગ કરતો હતો તથા સદર ડ્રાઈવિંગ બેદરકારીભર્યુ કે ગફલતભર્યુ કરતો હતો. અગાઉ ચર્ચા કર્યા મુજબ માત્ર એરર ઓફ જજમેન્ટના આધાર પર ફોજદારી કે ક્રિમીનલ બેદરકારીભર્યુ ડ્રાઈવીંગની બાબતના પુરાવાના અભાવે આરોપીને ગફલતભર્યુ કે બેદરકારીભર્યુ ડ્રાઈવીંગ બદલ દોષિત ઠરાવી શકાય

નહિ. જે અંગેનો સિદ્ધાંત નામદાર એપેક્ષ કોર્ટ ***1994 Cr.L.J Page No.389 - BADRI PRASAD TIWARI V/S STATE*** તથા ***2009(1)CRIMES(SC) Page No.5 - STATE OF HARYANA VS SHER SING*** ના ચુકાદાઓમાં ઠરાવેલ છે. આમ, ઉપરોકત ચર્ચા કર્યા મુજબ આ કામે ફરિયાદપક્ષે રજૂ થયેલ રેકર્ડ પરના પુરાવા પરથી તેમજ બંન્ને પક્ષકારોના વિ.વ.શ્રીઓની દલીલો ધ્યાને લેતા ફરિયાદપક્ષ એ હકિકત નિ:શંકપણે સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ છે કે, સદરહુ અકસ્માતમાં સંડોવાયેલ વાહન બનાવ વખતે તેના ચાલક આ કામના આરોપી જ હતા. તેમજ બનાવ વખતે તે વાહન આ કામના આરોપીએ બેફિકરાઇથી અથવા બેદરકારીથી માણસોની જીંદગી જોખમમાં મુકાય તે રીતે ચલાવેલ અને તેના કારણે સદરહુ અકસ્માત થયેલ છે.

(૧૦) (૧૦.૦) આમ, આ કામે રેકર્ડ પર રજૂ થયેલ પુરાવાનું સમગ્રપણે મૂલ્યાંકન કરતા, ફરિયાદપક્ષ આ કામના આરોપી સામે મૌખિક, દસ્તાવેજી કે સાંયોગિક પુરાવા દ્વારા આક્ષેપિત ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૮૧, ૧૨૫(એ), ૧૨૫(બી), ૧૦૬(૧) તથા એમ.વી. એકટની કલમ-૧૭૭, ૧૮૪ મુજબના ગુન્હાઓનું તહોમત નિ:શંકપણે શંકાથી પર સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ હોઇ, મુદ્દા નં.૧ નો જવાબ "**નકારમાં**" આપવામાં આવે છે અને મુદ્દા નં.૨ અંગે તથા કેસના આખરી નિકાલ સારૂ ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવમાં આવે છે.

**-:: હુ ક મ ::-**

(૦૧) આ કામના **આરોપી – રાજેશભાઇ રૂપાભાઇ ગામીત**, રહે. બંધારી ફળિયા, ભરડદા ગામ, તા.સોનગઢ, જિ.તાપી નાઓને ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ-૨૫૫(૧) અન્વયે ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૮૧, ૧૨૫(એ), ૧૨૫(બી), ૧૦૬(૧) તથા એમ.વી. એકટની કલમ-૧૭૭, ૧૮૪ મુજબના ગુનાઓમાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૦૨) સદર ચુકાદા વિરૂધ્ધ ભવિષ્યમાં અપીલ થાય તો તેવા સંજોગોમાં એપેલેટ કોર્ટ સમક્ષ આરોપીની હાજરી ઉપલબ્ધ રહે તે હેતુથી ક્રિમિનલ પ્રોસીજર કોડ ૧૯૭૩ ની કલમ: ૪૩૭(ક) ની જોગવાઇ મુજબ અગાઉના જામીનદાર ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે અને જો આરોપીના અગાઉના જામીન ના હોય તો તે સંજોગોમાં આરોપીએ રૂા.૫૦૦૦/-ના અપીલ સમયના નવા જામીનખત અને જાત-મુચરકા રજૂ કરવા.

હુકમ તારીખ ૦૯/૦૩/૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૦૯/૦૩/૨૦૨૬
વાંસદા.

સહી/-
**(રશ્મિકાંત રામચંદ્ર બારીઆ)**
**જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,**
**વાંસદા, જિ.નવસારી.**
**UID GJ**-01609

## -:ચુકાદાનું પરિશિષ્ટ:-

**ફરિયાદપક્ષ/બચાવપક્ષ/અદાલતના સાક્ષીઓની યાદી**

**અ. ફરિયાદપક્ષ**

| નં. | શાહેદનું નામ | આંક | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| ૧. | અશ્વિનભાઈ ગુલાબભાઈ પટેલ | ૦૬ | ફરિયાદી |
| ૨. | કરીનાબેન જયંતિભાઈ પટેલ | ૦૮ | શાહેદ |

**બ. બચાવપક્ષના સાક્ષી, જો હોય તો**

| નં. | શાહેદનું નામ | આંક | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| - | -- | -- | -- |

**ક. અદાલતના સાક્ષી, જો હોય તો**

| નં. | શાહેદનું નામ | આંક | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| - | -- | -- | -- |

**ફરિયાદપક્ષ/બચાવપક્ષ/અદાલતના દસ્તાવેજોના આંકની યાદી**

**અ. ફરિયાદપક્ષના દસ્તાવેજ**

| અનુ ક્રમ | આંક | વર્ણન |
|---|---|---|
| ૧. | ૦૭ | અસલ ફરિયાદ |
| ૨. | ૦૯ | ઈન્કવેસ્ટ પંચનામું |
| ૩. | ૧૦ | ગુનાવાળી જગ્યાનું પંચનામું |
| ૪. | ૧૧ | અટક પંચનામું |
| ૫. | ૧૨ | ડેથ સર્ટિફિકેટ |
| ૬. | ૧૩ | ક્લોઝિંગ પુરસીસ |

**બ. બચાવપક્ષના દસ્તાવેજ**

| અનુ ક્રમ | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| - | - | - |

**ક. અદાલતના દસ્તાવેજ**

| અનુ ક્રમ | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| -- | -- | -- |

**ડ. ભૌતિક પદાર્થ**

| અનુક્રમ | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧. | –– | –– |

તા.૦૯/૦૩/૨૦૨૬ સહી/–
વાંસદા.

**(રશ્મિકાંત રામચંદ્ર બારીઆ)**
**જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,**
**વાંસદા, જિ.નવસારી.**
**UID GJ–01609**